
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ જીવન સફલતા ... | ... ... ( અભિલાષિ )... ... ... | ૧૦૧ |
| ૨ શ્રી મહાવીર જિન સ્તવન. | ( ઠ૦ છ૦ સુરવાળા ) ... ... | ૧૦૨ |
| ૩ શ્રી તીર્થંકર ચરિત્ર. | ( મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ )... ... | ૧૦૩ |
| ૪ દ્રવ્યગુણુપર્યાય વિવરણ. | ( શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા ) ... | ૧૦૬ |
| ૫ શાસનરસિક શુદ્ધ મુનિઓ કેવા હોય ? | ( સદ્દગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી ) | ૧૦૯ |
| ૬ જ્ઞાતિ અને તેનો ઉદય. | ...( કલ્યાણભાઇ દલસુખભાઇ ઝવેરી બી. એ. )... | ૧૧૦ |
| ૭ ખરા પંડિત કેવા હેય ? | ( સદ્દગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ ) | ૧૧૫ |
| ૮ જૈનો અને કેળવણી. | ( નરોત્તમ બી. શાહ ) ... ... ... | ૧૧૬ |
| ૯ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. | ... ... ... ... ... | ૧૧૯ |
| ૧૦ સંત સમાગમ દુર્લભ. | ( સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ ) | ૧૨૨ |
| ૧૧ પુસ્તકાલય વિષે કંઇક. ... | ... ... ગાંધી ... ... | ૧૨૩ |
| ૧૨ કલકત્તા લાયબ્રેરી ની વીઝીટ. | ... ... ... ... ... | ૧૨૪ |



## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. કિં. રૂા ૧-૧૨-૦

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


**સુચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

( માસિક કમીટી. )

ભાવનગર ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં—શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २८ | वीर सं. २४६७. मार्गशिर्ष. आत्म सं. ४५. | अंक ५ मो.

ॐ

## [1]જીવન સફલતા.

**ભાવના નિદ્રા સમય ( રાત્રી )—**

( ૧ )

" સત્ દેવ ગુરૂ વળી ધર્મનું " શરણું સદૈવ રહો ! અને,
" વ્રત પંચ પૂરણ " પાળવા દઢ ભાવના સ્ફૂરો ! મને;
આ રાત્રિમાં યદિ મરણ મારૂં સંભવે કો ! કો ! વિધે,
સંગૃહિત વસ્તુ દેહ સાથે " વોસિરાવું " ત્રિવિધે.

૧ નોટ—ભાવનગરમાં ગત આશ્વિન માસમાં મુનિ શ્રી "અમૃતવિજયજી" મહારાજ સાથે ધાર્મિક વાતચિત પ્રસંગે તેમના તરફથી એક અસંબંદ્ધ-પણ સંથારા પોરસીને અનુલક્ષિ રહેલ " અરિહંત મારે ઓસીક " એ ચરણથી શરૂ થતો દોહરો સાંભળેલ તે ઉપરથી વિશેષ સ્ફુટ સંબંધ સાથે ઉપરનું રેખાચિત્ર દોરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવના જાગૃતિ સમય ( પ્રભાત )—**

( ૨ )

તું કોણ ? ને આવ્યોજ ક્યાંથી ? ફર્જ તારી શું અહીં ?
અવલોક આ અવનિ વિષે વૈચિત્ર્યતા વશ ક્યાં રહી ?
સમ વિષમ આ વ્યક્તિ ગત "ફલ પૂર્વકૃત" સમજી હવે,
ગ્રહી સાર કર વ્યવહાર જીવન સફલતા જ્યાં સંભવે.

વિ૦ સં. ૧૯૮૭ માગશર ( અભિલાષી. )

## શ્રી મહાવીર જિન સ્તવન.

( દેશી—વરઘોડો વરઘોડે વાલમનો૦ )

અવધારો અવધારો વિનતડી અવધારો રે;
ત્રિશલાનંદન તારો. વિનતડી૦ એ ટેક.
સૂત સિદ્ધારથ શુભ ગુણ ધારી;
વ્હાલો જીનંદ વીર પ્યારો— વિનતડી૦ ૧
ધીર ધરી શૂરવીર બનીને;
ઉપસર્ગ સહ્યા અપારો— વિનતડી૦ ૨
ક્ષમા દયા શુભ શસ્ત્ર સજીને;
મોહ મહામલ્લ માર્યો— વિનતડી૦ ૩
આઠ કરમનો ગર્વ ઉતારી;
વીર શુભ નામ સોહાયો— વિનતડી૦ ૪
મેં પ્રભુજી મોહ વશ પડીને;
કીધાં કુકર્મ હજારો— વિનતડી૦ ૫
અવસર પામી શરણે હું આયો;
પાપી જાણી ન નિવારો— વિનતડી૦ ૬
સમ નજરેથી નાથ નિહાળો;
એ છે તમારો ધારો— વિનતડી૦ ૭
સેવક પર કરૂણા શુભ લાવી;
નિજ જવાહીર દેખાડો— વિનતડી૦ ૮

ઝ૦ છ૦ સુરવાડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૮૦ થી શરૂ. )

તે કાલે અને તે સમયે હે ગૌતમ ! મેં ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને માતાપિતા દેવગત થયા પછી એ પ્રમાણે આચારંગના બીજા શ્રુતસ્કંધના પંદરમા ભાવના અધ્યયનને વિષે કહ્યા પ્રમાણે " માતાપિતા જીવતાં દીક્ષા નહિ લઉ " આવો અભિગ્રહ પૂર્ણ થયો જાણી સુવર્ણનો ત્યાગ કરી, બલનો ત્યાગ કરી, ઇત્યાદિ-યાવત્ એક દેવદુષ્ય વસ્ત્રને ગ્રહણ કરી મુંડ-દીક્ષિત થઇને ગૃહસ્થાવાસનો ત્યાગ કરી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. તે વખતે હે ગાતમ ! હું પહેલા વર્ષને વિષે અર્ધમાસ અર્ધમાસ: ક્ષમણ કરતાં અસ્થિગ્રામની નિશ્રાએ પ્રથમ વર્ષાકાલમાં રહેવા માટે આવ્યો, બીજા વર્ષે માસ માસક્ષમણ કરતાં કરતાં અનુક્રમે વિહાર કરતાં, એક ગામથી બીજે ગામ જતાં જ્યાં રાજગૃહ નગર છે, જ્યાં નાલંદાનો બાહ્ય ભાગ છે અને જ્યાં તંતુવાય-વણુકરની શાલા છે ત્યાં આવ્યો, આવીને યથા યોગ્ય અવગ્રહને ગ્રહણ કરી તંતુવાયની શાલાના એક ભાગમાં વર્ષાઋતુમાં રહ્યો. ત્યાર બાદ હે ગૌતમ ! હું પ્રથમ માસક્ષમણનો સ્વીકાર કરી વિહાર કરવા લાગ્યો. તે સમયે મંખલિપુત્ર ગોશાલક ચિત્રપટ હાથમાં ગ્રહણ કરી મંખપણા-વડે-ભિક્ષાચરપણાવડે આત્માને ભાવિત કરતો અનુક્રમે વિચરતો, યાવત્ એક ગામથી બીજે ગામ જતો જ્યાં રાજગૃહ નગર છે, જ્યાં નાલંદાનો બાહ્ય ભાગ છે અને જ્યાં વણુકરની શાલા છે ત્યાં આવ્યો, ત્યાં આવીને તંતુવાયની શાલાના એક ભાગમાં રાચરચીલું મૂકયું. મૂકીને રાજગૃહ નગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળમાં આહારને માટે જતો, યાવત્ બીજે કયાંઇ પણ વસતિ નહિ મળતા તે તંતુવાયની શાલાના એક ભાગમા જ્યાં હું રહેલો હતો ત્યાં વર્ષાઋતુમાં રહેવા માટે આવ્યો. ત્યારબાદ હે ગૌતમ ! હું પ્રથમ માસક્ષમણના પારણાને દિવસે તંતુ-વાયની શાલાથકી બહાર નીકળી નાલંદાના બહારના ભાગનાં મધ્ય ભાગમાં જ્યાં રાજગૃહ નગર છે ત્યાં આવ્યો. રાજગૃહ નગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળ-માં યાવત્ આહાર માટે ફરતાં મેં વિજયનામે ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો. તે વખતે તે વિજયનામે ગાથાપતિએ મને આવતાં જોયો, મને આવતાં જોઇને પ્રસન્ન અને સંતુષ્ટ થઇ તે તુરત આસનથી ઉઠયો, ઉઠીને જલદી સિંહાસનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતરી પાદુકાનો ત્યાગ કરી એક સાડીવાળું ઉત્તરાસંગ કરી, અંજલિવડે હાથ જોડી સાત આઠ પગલાં મારી સામો આવ્યો, મારી સામો આવીને મને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન અને નમસ્કાર કર્યા, વંદન અને નમસ્કાર કરી " મને પુષ્કળ અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ આહારથી પ્રતિલાભીશ–સત્કારીશ "–એમ વિચારી તે સંતુષ્ટ થયો, પ્રતિલાભતાં પણ સંતુષ્ટ થયો. પ્રતિલાભ્યા બાદ પણ સંતુષ્ટ થયો અને ત્યાર પછી તે વિજય ગાથાપતિએ દ્રવ્યની શુદ્ધિથી, દાયકની શુદ્ધિથી, અને પાત્રની શુદ્ધિથી તથા ત્રિવિધ–મન, વચન, કાયાની શુદ્ધિથી અને ત્રિકરણ શુદ્ધિથી દાનવડે મને પ્રતિલાભવાથી દેવનું આયુષ્ય બાંધ્યું, સંસાર અલ્પ કર્યો અને તેના ઘરમાં પાંચ દિવ્યો પ્રગટ થયાં. તે આ પ્રમાણે–(૧) વસુધારાની વૃષ્ટિ (૨) પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ (૩) ધ્વજારૂપ વસ્ત્રની વૃષ્ટિ (૪) દેવદુંદુભિનું વાગવું અને (૫) આકાશને વિષે " આશ્ચર્યકારી દાન આશ્ચર્યકારી દાન " એવી ઉદ્દઘોષણા. ત્યારબાદ રાજગૃહ નગરમાં શૃંગાટક–ત્રિકમાર્ગ યાવત્ રાજમાર્ગમાં ઘણા માણસો પરસ્પર એમ કહે છે, યાવત્ એવી પ્રરૂપણા કરે છે કે " હે દેવાનુપ્રિય ! વિજયગાથાપતિ ધન્ય છે; હે દેવાનુપ્રિય ! વિજય ગાથાપતિ કૃતાર્થ છે, હે દેવાનુપ્રિય ! વિજયગાથાપતિ પુણ્યશાળી છે, હે દેવાનુપ્રિય ! વિજયગાથાપતિ કૃતલક્ષણ છે. હે દેવાનુપ્રિય ! વિજયગાથાપતિના ઉભય લોક સાર્થક છે અને વિજયગાથાપતિનું મનુષ્ય સંબંધી જન્મ અને જીવિતનું ફળ પ્રશંસનીય છે, જેના ઘરને વિષે તેવા પ્રકારના સાધુ–ઉત્તમ અને સૌમ્ય આકારવાળા–શ્રમણને પ્રતિલાભવાથી આ પાંચ દિવ્યો પ્રગટ થયા (૧) વસુધારાની વૃષ્ટિ, યાવત્ (૫) " આશ્ચર્યકારી દાન આશ્ચર્યકારી દાન "–એવી ઉદ્દઘોષણા તે માટે તે ધન્ય છે. કૃતાર્થ છે, કૃતપુણ્ય છે. કૃતલક્ષણ છે અને તેના બન્ને લોક સાર્થક છે, તેમજ વિજયગૃહપતિનું મનુષ્ય સંબન્ધી જન્મ અને જીવિતનું ફળ પ્રશંસનીય છે " ત્યાર બાદ તે મંખલીપુત્ર ગોશાલક ઘણા માણસો પાસેથી આ વાત સાંભળી અવધારી જેને સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયા છે એવો તે વિજયગૃહપતિના ઘેર આવ્યો, આવીને તેણે વિજયગૃહપતિના ઘરને વિષે વર્ષેલી વસુધારા, નીચે પડેલા પાંચ વર્ણોના પુષ્પો તથા ઘરથી બહાર નીકળતાં મને અને વિજયગૃહપતિને જોયા; જોઇને પ્રસન્ન અને સંતુષ્ટ થઇ તે ગોશાલક જ્યાં હું હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને મને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન અને નમસ્કાર કરી તેણે આ પ્રમાણે કહ્યું. હે ભગવન્ ! તમે મારા ધર્માચાર્ય છો અને હું તમારો ધર્મશિષ્ય છું. તે વખતે હે ગૌતમ ! મેં મંખલિપુત્ર ગૌશાલકની આ વાતનો આદર ન કર્યો, તેમ સ્વીકાર ન કર્યો; પરન્તુ હું મૌન રહ્યો, ત્યારબાદ હે ગૌતમ ! હું રાજગૃહ નગરથકી નીકળી નાલંદાના બહારના મધ્ય ભાગમાં થઇ જ્યાં તંતુવાયની શાલા છે ત્યાં આવ્યો, ત્યાં આવી બીજા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. ત્યાર પછી હે ગૌતમ ! બીજા માસક્ષમણના પારણાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે તંતુવાયની શાલાથી નીકળી નાલંદાના મધ્યભાગમાં થઇ જ્યાં રાજગૃહ નગર છે ત્યાં યાવત્-ભિક્ષા માટે જતાં **આનંદગૃહપતિના** ઘરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ તે આનંદગૃહપતિ મને આવતો જોઇ ઇત્યાદિ બધો વૃતાંત વિજયગૃહપતિની પેઠે ( સૂ. ૩ ) જાણવો; પરન્તુ એટલું વિશેષ છે કે " મને અનેક પ્રકારની ભોજન વિધિથી પ્રતિલાભીશ"–એમ વિચારી તે આનંદ ગૃહપતિ સંતુષ્ટ થયો ઇત્યાદિ. બાકીનું વૃતાન્ત પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું, યાવત્-હું ત્રીજા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. ત્યારબાદ હે ગૌતમ ! મેં ત્રીજા માસક્ષમણના પારણાને વિષે તંતુવાયની શાલાથી બહાર નીકળી યાવત્ ભિક્ષાએ જતાં **સુનન્દગૃહપતિના ઘરમાં** પ્રવેશ કર્યો. ત્યારબાદ તે સુનન્દ ગૃહપતિએ–ઇત્યાદિ સર્વ વૃતાન્ત વિજયગૃહપતિની પેઠે ( સૂ૰ ૩) જાણવો, પરન્તુ એટલું વિશેષ છે કે તેણે મને સર્વ કામના ગુણયુકત ભોજનવડે પ્રતિલાભ્યો. બાકીનું બધું પૂર્વ પ્રમાણે જાણવું. ત્યાર પછી હું ચોથા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. હવે તે નાલંદાના બહારના ભાગથી થોડે દૂર એક **કોલ્લાક** નામે સન્નિવેશ હતો. અહીં સન્નિવેશનું વર્ણન જાણવું. તે કોલ્લાક સન્નિવેશને વિષે બહુલ નામે બ્રાહ્મણ વસતો હતો તે ધનિક, યાવત્–કોઈથી પરાભવ ન પામે તેવો હતો. તે ૠગ્વેદ–ઇત્યાદિ બ્રાહ્મણોના શાસ્ત્ર તથા રીત–રીવાજમાં કુશળ હતો. ત્યારબાદ તે બહુલ નામે બ્રાહ્મણે કાર્તિક ચાતુર્માસની પ્રતિપદાને વિષે પુષ્કળ મધુ–ખાંડ અને ઘી–સંયુકત પરમાન્નક્ષીરવડે બ્રાહ્મણોને જમાડયા. તે વખતે હે ગૌતમ ! હું ચોથા માસક્ષમણના પારણાને વિષે તંતુવાયની શાલાથી નીકળી નાલંદાના બહારના મધ્યભાગમાં થઇ જ્યાં કોલ્લાક નામે સન્નિવેશ હતો ત્યાં આવ્યો. ત્યાં આવી કોલ્લાક સંન્નિવેશને વિષે ઉચ્ચ–નીચ અને મધ્યમ કુળમાં યાવત્-ભિક્ષાચર્યાએ જતાં મેં બહુલ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ કર્યો, ત્યારપછી તે બહુલ બ્રાહ્મણે મને આવતાં જોયો. ઇત્યાદિ પૂર્વ પ્રમાણે કહેવું. યાવત્ મને મધુ અને ઘૃત સંયુકત પરમાન્નવડે પ્રતિલાભીશ " એમ ધારી તે સંતુષ્ટ થયો. બાકી બધું વિજયગૃહપતિની પેઠે ( સૂ૰ ૩ ) જાણવું યાવત્–બહુલ બ્રાહ્મણ ધન્ય છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# द्रव्य गुण पर्याय–विवरण*

( ગતાંક પૃષ્ટ ૮૪ થી શરૂ. )

દિગંબરો ગુણને શક્તિરૂપે માને છે તેમ દ્રવ્ય અને ગુણપર્યાયનું કારણ ગુણ માને છે તે વ્યાજબી નથી. આની સાબીતીમાં તેઓ કથે છે કે દ્રવ્ય અને દ્રવ્યપર્યાયો જે નર–નારકાદિક તેમાં અન્યથાભાવ છે પરંતુ ગુણમાં અન્યથા ભાવ નથી પણ તે રૂપાંતરથી સ્થિતિ રૂપે છે. દાખલા તરીકે શ્રુતાદિક અને ભવસ્થ સિદ્ધાદિને કેવળજ્ઞાન વિશેષ. વળી આજે દ્રવ્ય ગુણ છે તે પોતપોતાના સ્વભાવથી શાશ્વત છે અને પર્યાયથી અશાશ્વત છે. આ પ્રમાણે દિગંબરોની જે માન્યતા છે તે સાચી નથી.

ઉત્તર:—આ દિગંબરોની માન્યતા બરોબર નથી. કારણકે પર્યાયથી ગુણ ભિન્ન નથી. પરંતુ પર્યાય તેજ ગુણ છે. જેવી રીતે ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છે તેવી રીતે એકને અનેક કરવું તે પર્યાયનું બીજું લક્ષણ છે, પરંતુ દ્રવ્ય તો હમેશાં એકજ રૂપે રહે છે. અને તેના જ્ઞાન દર્શનાદિક જે ભેદ થાય છે તે પણ પર્યાય છે. પરંતુ ગુણ ભેદ કરવાવાળો નથી. ભગવંતની દેશના પણ દ્રવ્ય પર્યાયની છે પણ ગુણ પર્યાયમાં દેશના નથી.

શંકા:—જો ગુણ પર્યાયથી ભિન્ન નથી તો પછી દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ નામ જુદાં કેમ કહ્યાં છે ?

ઉત્તર:—આ જે ભેદ કહ્યા છે તે નયની અપેક્ષાથી કહ્યા છે. તેને વિવક્ષા કહે છે. જેવી રીતે "તેલની ધારા" એ વાક્યમાં તેલથી ધારા જુદી છે પરંતુ પર્યાયપણે તેલ ને ધારા જુદી નથી. તેવી રીતે સહભાવી એટલે સાથે રહેનારા જે ગુણ અને ક્રમભાવી એટલે ક્રમથી થનારા જે પર્યાય તેનો ભેદ વિવક્ષાથી છે. પરંતુ પરમાર્થદૃષ્ટિથી જોઇશું તો તેમાં કંઇ ભેદ નથી અને જે ભેદ ઉપચારથી માનવામાં આવ્યો હોય તેને યથાર્થ રીતે ભિન્નરૂપ કેવી રીતે કહી શકાય. ગુણ છે તે ઉપચારથી છે. દાખલા તરીકે ગાય દૂઝે છે એમ કહેવાય છે પરંતુ ખરૂં જોતાં ગાય દૂઝતી નથી; પરંતુ દૂઝવાપણું ગાયમાં ઉપચારથી છે; પરંતુ યથાર્થપણે નથી. તેવી રીતે ઉપચારથી પ્રાપ્ત થએલા ગુણ શક્તિને ધારણ કરતા નથી. ગુણ એ પર્યાયથી ભિન્ન નથી અને જો તેમ હોત તો શાસ્ત્રકારે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની સાથે ગુણાર્થિક નય પણ કહ્યા હોત. વળી જે ગુણ શબ્દ છે તે ગણિત શાસ્ત્ર વિષે છે, પણ ગુણાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયવાચી નથી. વળી રૂપાદિને શાસ્ત્રમાં ગુણ કહ્યા નથી પણ વર્ણપર્યાય, ગંધપર્યાય આદિ પર્યાય કહ્યા છે. માટે સારાંશમાં સમજવાનું કે ગુણ તે પર્યાયથી ભિન્ન નથી તેથી તેને દ્રવ્યની પેઠે શકિતરૂપે કહી શકાય નહિ. અને જો તેમ માનવામાં આવે અને ગુણને પર્યાયનું ઉપાદાન કારણ માનવામાં આવે તોપછી દ્રવ્યની જરૂર શી ? અને દ્રવ્યનું કાર્ય જો ગુણથી થઇ શકે તેમ હોય તોપછી ગુણ અને પર્યાય એવા બે પદાર્થો જ શાસ્ત્રમાં હોવા જોઇએ, પરંતુ તેમ નથી.

**શંકા સમાધાનઃ**—કોઇ એવી શંકા કરે કે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એમ બંને કાર્ય જુદા જુદા રૂપનાં છે તો તે પણ યથાર્થ નથી; કારણ કે કારણની કલ્પનાનો કાર્યમાં ઉપચાર કરી શકાય છે અને તેથી કરીને કાર્યમાં કારણ શબ્દનો પ્રવેશ થઇ શકે છે અને કારણભેદે કાર્યભેદ સિદ્ધ થાય છે; તેમજ કાર્યભેદ સિદ્ધ થયો હોય તો કારણભેદ પણ સિદ્ધ થાય છે. આથી "**અન્યોન્યાશ્રય**" નામનો દોષ લાગે છે. ગુણપર્યાય જે કહેવાય છે તે તો ગુણની જ પરિણામરૂપ કલ્પના છે; કારણકે કલ્પના માત્રથી જ પર્યાયથી ગુણના ભેદનો સંભવ છે પણ પરમાર્થ દ્રષ્ટિથી વિચાર કરતાં ગુણનો પર્યાયથી ભેદ છેજ નહિ; એટલુંજ નહિં પરંતુ દ્રવ્ય ગુણ અને પર્યાય એ ત્રણ નામ કહેવાય છે તે માત્ર ભેદોપચારથી જ કહેવાય છે. આથી એ ભાવાર્થ સિદ્ધ થાય છે કે પર્યાયની સિદ્ધિ થવાથી અને ગુણ તો માત્ર કલ્પનારૂપ જણાવાથી એમ નક્કી થયું કે દ્રવ્ય એક જ છે. અને ગુણ પર્યાય અનેક છે તેમજ દ્રવ્યગુણ અને પર્યાયની પરસ્પર કલ્પિત સ્વરૂપથી ભેદની ભાવના કરવી જોઇએ.

## દ્રવ્યથી ગુણ પર્યાય ભિન્ન પણ છે.

દ્રવ્યથી ગુણ પર્યાય ભિન્ન પણ છે. દાખલા તરીકે ઘટમાં જે દ્રવ્યરૂપ પદાર્થ છે તે આધાર છે અને રૂપ, રસ, નીલ આદિ જે પર્યાયો છે તે આધેય છે. વળી જે દ્રવ્ય છે તે અનેક ઇંદ્રિય ગ્રાહ્ય છે અને ગુણપર્યાય એકેન્દ્રિય ગ્રાહ્ય છે. દ્રવ્યની સાથે જે ગુણો રહે છે તે સહભાવી છે, અને ક્રમે ક્રમે થનારા જે પર્યાયો છે તે ક્રમ ભાવી છે. આત્મદ્રવ્યમાં ગુણ અને પર્યાય ઘટાવતાં આત્માની વિજ્ઞાન વ્યકિતની શકિત તે આત્માનો સહભાવી ગુણ છે અને આત્માના સુખ, દુઃખ, હર્ષ, શોકાદિ ક્રમભાવી પર્યાય કહેવાય છે.

## દ્રવ્ય ગુણ પર્યાયનો ભેદ

વળી દ્રવ્ય ગુણ પર્યાયના (૧) સંજ્ઞા (૨) સંખ્યા અને (૩) લક્ષણ એમ ત્રણ ભેદ માલમ પડે છે. દાખલા તરીકે સંજ્ઞા એટલે પદાર્થ, ગુણ અને પર્યાયનાં નામ ઇત્યાદિ, સંખ્યા એટલે ગુણપર્યાય પણ અનેક છે, જીવ, અજીવ વિગેરે નવ તત્વો છે તે. લક્ષણ એટલે લક્ષ્ય પદાર્થ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દ્રવ્યથી ગુણુપર્યાય અભેદ છે.

વળી દ્રવ્યથી ગુણ પર્યાય અભેદ છે. જો તેમ ન માનવામાં આવે તો અવ્યવસ્થાનો પ્રસંગ પ્રાપ્ત થાય, દાખલા તરીકે જીવ દ્રવ્યના જ્ઞાનાદિ ગુણ છે અને પુદ્ગલના રૂપાદિ ગુણ છે. હવે જો દ્રવ્યથી ગુણ પરસ્પર ભિન્ન હોય તો જેમ પુદ્ગલ ને જીવ એકબીજાથી જુદા છે તેમ જીવ દ્રવ્યના ગુણપર્યાય અને પુદ્ગલ દ્રવ્યના ગુણપર્યાય પુદ્ગલ દ્રવ્યથી છુટા થશે અને ગુણ અને ગુણીનો પરસ્પરનો સંબંધ રહેશે નહિ. આથી શાસ્ત્ર વ્યવસ્થાનો લોપ થઇ જશે; વળી જે સોનું છે તે કુંડળ વિગેરે આભૂષણરૂપને પ્રાપ્ત કરે છે ત્યારે તે સુવર્ણનું કુંડળ એવું નામ પડે છે પણ તેમાં દ્રવ્ય તો સુવર્ણજ છે. વળી જે ઘટ છે તે પ્રથમ શ્યામ હોય છે પછી જ્યારે પાકે ત્યારે રકતાદિ ભાવ થાય છે ત્યાં પણ તે રકતાદિ પણાથી જુદો થતો નથી. આથી કહેવાનું તાત્પર્ય છે તે એ કે વર્ણનો અને ગુણનો ભેદ થવા છતાં મૂળ દ્રવ્યનો ભેદ થઇ શકતો નથી. આથી પણ જો કે દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં નામ જુદાં જુદાં છે છતાં તે અભિન્ન છે એમ સિદ્ધ થાય છે; વળી જો અભેદ ન માનવામાં આવે તો બીજો પણ બાધ દેખાય છે. દાખલા તરીકે દ્રવ્યમાં ખંધ અને દેશની ભિન્નતા માનીએ તો ખંધમાં બમણી ગુરૂતા થવી જોઇએ; પરંતુ આમાં તેમ દેખાતું નથી. દાખલા તરીકે સો તંતુથી બનેલા વસ્ત્રમાં જેટલો ભાર હોય છે તેટલોજ ભાર સો તંતુ જુદા હોય ત્યારે પણ હોય છે. હવે જો તંતુ અને વસ્ત્રને અભેદ માનીએ તો તેનું વસ્ત્ર રૂપે થવાથી વસ્ત્રમાં બમણો બોજ થઇ જવો જોઇએ, પણ તેમ થતું નથી. વળી દ્રવ્યનો વ્યવસ્થા સહિત જે વ્યવહાર થઇ શકે છે તે ગુણ અને પર્યાયના અભેદ પણાને લઇને જ થઇ શકે છે અને જો તેમ ન હોય તો ગુણપર્યાયથી રહિત જીવ દ્રવ્યને દેવ, મનુષ્ય એવા વિશેષ નામ કેવી રીતે આપી શકત ? તેથી કરીને દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા પણ નામ છે; પરંતુ મૂળ સ્વભાવે તેઓમાં એકપણાનો જ વ્યવહાર છે. કારણ કે પરિણુતિ એકરૂપે છે. દાખલા તરીકે આત્મદ્રવ્યના જ્ઞાનાદિ ગુણ પરિણામ છે. તેમાં આત્માનો જ્ઞાનાદિ ગુણ સહિત વ્યવહાર છે. અને પર્યાયમાં પણ દ્રવ્ય યુકત પર્યાયનો વ્યવહાર છે, માટે ત્રણનો એકજ પ્રકાર છે. જેવી રીતે રત્ન, તેની કાંતિ અને જ્વર નાશ કરવાનો ગુણ એ ત્રણે પરિણામમાં એકરૂપે છે. તેવી રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાય એક રૂપ છે, અર્થાત્ પરિણુતિમાં એકરૂપ હોવાથી દ્રવ્યાદિ ત્રણે એક પ્રકારવાળા છે. વળી ઘર એ ભિન્ન દ્રવ્યના એટલે જુદા જુદા પાષાણુ, કાષ્ટ, જળ વિગેરે ઘણા દ્રવ્યનું બનેલું છે છતાં તેને એક ઘર એમ કહો છો તો પછી એક દ્રવ્યમાં દ્રવ્ય ગુણ પર્યાયનો અભેદ છે તેની પૂર્ણ ખાત્રી થાય છે. વળી જો તે અભેદ ના સ્વીકારવામાં આવે તો સસલાના શીંગડાંની પેઠે કાર્ય કેવી રીતે થાય ? સબબ કે દ્રવ્ય ગુણ પર્યાયનો ભેદ માનવામાં આવે તો કાર્ય–કારણનો પણ ભેદ હોવો જોઇએ અને કાર્યકારણ અરસ્પરસ જુદા હોય તો મૃતિકાદિથી ઘટાદિ કાર્ય કેવી રીતે થઇ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તીરોભાવ આવિર્ભાવ કાર્યના નિયામકો.

વળી કાર્યના નિયામકો તિરોભાવ અને આવિર્ભાવ પણ મનાય છે અને આવિર્ભાવને સત્ અસત્ વિકલ્પથી દૂષણ પણ લાગતું નથી. તિરોભાવને આવિર્ભાવને અનુસરીને પર્યાયની કલ્પના કરવામાં આવે છે. દાખલા તરીકે ઘરરૂપ કાર્ય નહિ દેખાવાથી મૃતિકાના પિંડમાંથી ઘટની જે શકિત રહેલી છે તે સામાન્ય શકિત છે. કુંભકાર, ચાક, દંડ વિગેરે કારણોના સમૂહથી રકતાદિ ગુણ અને પૃથુ, નીચલો ભાગ ગ્રીવત્વાદિ પર્યાયરૂપ પ્રગટ થાય છે અને ત્યારે ઘટરૂપ કાર્યનો વ્યવહાર થયો. એવી રીતે કારણમાં કાર્યનો ઉપચાર સમજવો. આથી તિરોભાવ અને આવિર્ભાવ એ કાર્યના નિયામકો છે તે સિદ્ધ થાય છે.

( અતીત એટલે ભૂતપદાર્થના જ્ઞાન સંબંધમાં નૈયાયિકોનું શું માનવું છે તે તથા તે પછીનો વિષય હવે પછીના અંકમાં આવશે. ) લેખક,

પાલીતાણા. } શંકરલાલ ડી. કાપડીઆ

તા. ૨૩-૯-૩૦ } સુપ્રિ. ગુરૂકુળ.

# શાસનરસિક શુદ્ધ મુનિઓ કેવા હોય ?

લે૦ સદ્દગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

(૧) મુનિઓ પરીસહો ( અનુકુળ કે પ્રતિકુળ બંને ) ને જીતવા સમર્થ હોય છે. કર્મનો ક્ષય કરવા શકિતમાન હોય છે, જ્ઞાન-ધ્યાન અને તપરૂપી અલંકારવડે સુશોભિત હોય છે તથા શુદ્ધ આચારમાં તત્પર હોય છે. ( ૨ ) તેમનું મન શાન્ત હોયછે, તેમની દૃષ્ટિ સૌમ્ય-સર્વ પ્રાણીઓ ઉપર સમાનતાવાળી હોય છે, તેમની ઇન્દ્રિયો નિર્વિકારી હોય છે. તેઓ સર્વ જગજીવોનું શુભ ઇચ્છે છે, તેમનો મોહ શાન્ત થયેલો હોય છે, તેઓએ કામ અને ક્રોધનો સર્વથા નાશ કરેલો હોય છે, તેમની કોઇ નિંદા કરે કે કોઇ પ્રશંસા કરે તો તે બંને ઉપર તેઓ સમદૃષ્ટિવાળા હોય છે, તેઓ મેરૂપર્વત જેવા ધીર હોય છે, પોતાના શરીર ઉપર પણ નિસ્પૃહ હોય છે, તેઓએ ઇન્દ્રિયો ક્રોધ લોભ અને ભયરૂપી શત્રુઓનો પરાભવ કરેલો હોય છે, તેઓ રાગદ્વેષથી રહિત હોય છે, એક સિદ્ધિરૂપી સ્ત્રીના સંગમની જ લાલસાવાળા હોય છે, નિરંતર જ્ઞાનનો અભ્યાસ કરવામાં તત્પર હોય છે અને તેઓ નિરંતર પ્રશમરસમાં જ મગ્ન થયેલા હોય છે. આવા ઉત્તમ આદર્શ સાધુનો દુર્લભ સમાગમ પામીને જે ભાગ્યવંત જનો તેનો દ્રવ્યભાવથી લાભ લઇ શકે છે તે સફભાગી જીવોનું જીવિત સફળ થઇ શકે છે. ( ૩ ) એવા ઉત્તમ આદર્શ સાધુઓનું જીવન અનુકરણ કરવા લાયક હોઇ પ્રશંસા લાયક છે. ઇતિશમ.

For Private And Personal Use Only

# જ્ઞાતિ અને તેનો ઉદય.

( ગતાંક પૃષ્ટ ૮૯ થી શરૂ )

રાષ્ટ્રિય ચળવળે જ્ઞાતિમંડળો ઉપર પણ ઘણી અસર કરી છે. તેવા મંડળોએ દેશસેવાના કાર્યોમાં ઘણો સારો હિસ્સો કેટલીક જગ્યાએ આપેલો આપણે સાંભળ્યો છે. મુંબાઇની **ભાટિયા વોલંટીયરકોરે હોમરૂલ કોર સાથે જોડાઇ ઘણી દેશસેવા કરી છે એ** જાણીતી બીના છે. આ રીતે **જ્ઞાતિઓદ્વારા** પણ દેશ **હિતનાં કાર્યો થઇ શકશે એ આપણે** વિસ્તારથી ઉપર જોઇ ગયા છીએ.

એ તો સર્વ વિહિત છે કે દેશની આબાદી વધારવામાં અને બીજા દેશોની સરખામણીમાં ઉભા રહેવાને **કેળવાયેલાઓનો ભાગ ઘણો મોટો છે.** હિંદુસ્થાનની રાષ્ટ્રિય ચળવળમાં અને સમાજ સુધારણામાં તેઓએ ઘણો સારો દેખાવ કર્યો છે. આપણા દેશમાં આંગ્લ કેળવણીને લીધે સ્વતંત્રતાના અને પાશ્ચાત્ય સુધારાના ઘણા વિચારો દાખલ થયા છે. ઇંગ્રેજી ભાષાનું સાહિત્ય વાંચ્યા પછી બીનજરૂરી અને ગેરવાજબી રીતરિવાજો ભણેલાઓ સહન કરતાં કચવાટ કરે એ બનવાજોગ છે.

**કેળવાયેલાઓની જ્ઞાત પ્રત્યે ફરજ.**

આપણા જુના વિચાર વાળાઓને તેઓએ નવા ફેરફારોની દિશા બતાવી તેમની સાથે રહી કાર્ય કરવું જોઇએ. ઉતાવળીયા પગલાં લેતાં અચકાવું જોઇએ અને વડીલોને માન આપી તેમનું મન રાજી રાખવા બનતો પ્રયત્ન કરવો જોઇએ. આમ છતાં જો આધુનિક જમાના પ્રમાણે ફેરફાર કરવાની ખરેખરી અગત્ય હોય તો મક્કમપણે સંગ્રામ ચલાવી પોતે દુઃખ વેઠીને પણ સુધારાને વિચારને આગળ વધારવા પોતાથી બનતું કરવું જોઇએ. આથી એમ કહેવાનું નથી કે તેમની સાથે સામાજીક બંડ ઉઠાવવું પણ **હૃદયની શુદ્ધ નિષ્ટાથી, પવિત્ર ભાવનાથી** અને **પારમાર્થિક બુદ્ધિથી** યોજાયેલા સુધારાઓ કરવામાં છેવટે તેઓ ફાવશે એ નક્કી છે. વળી દરેક બાબતમાં ફેરફાર કરવા જતાં લોકો ટીકા કરશે એટલુંજ નહીં પણ **નિંદા** કરી તેમને **ઉતારી પાડવા** મથશે. કેળવાયેલાઓએ જ્ઞાતિબંધુઓને શાંતિથી પોતાના મુદ્દાઓ દરેક રીતે સાબીત કરી તેની તુલના કરવાનું તેમને સોંપી તેમના વિચાર ફેરવાય તેટલીવાર યોગ્ય સમય રાહ જોવી અને કેટલેક અંશે તો તે જોવાઇ ગઇ છે. પછી તો

**હિંમતથી** અમુક **સંખ્યામાં એકઠા મળી** સુધારાનો ઝુંડો લઇ નીકળી પડવું. કેટલાએક કેળવાયેલાઓ જ્ઞાતિપ્રત્યે બેદરકારી બતાવતા હોય એમ જણાય છે અને કૌટુંબીક ભાવનાનો અમુક અંશે અનાદર કરતા હોય માલુમ પડે છે. તેમને યાદ રાખવું જરૂરનું છે કે જ્યાં સુધી દેશનો ઘણો ભાગ તેમના જેવો કેળવાયેલો નથી ત્યાં સુધી તેમના વિચારોને ઓછા સમ્મત થવાના; પણ તે તરફ કાળજી રાખી પોતેજ સારાસારનો વિચાર કરી યોગ્ય પ્રવૃતિમાં ઝંપલાવું વાજબી છે. તેઓ ખરા દીલથી ધારે તો જ્ઞાતિ માટે કાંઇને કાંઇ કરી શકે. કેટલીક **જ્ઞાતિઓની કલબો** તેઓની જ આગેવાની અને દેખરેખ હેઠળ ચાલે છે એ **આપણે અનુભવથી** જોઇ શકીએ છીએ.

**જ્ઞાતિ ઉદય માટે કેળવણીની જરૂર.**

જેટલો જ્ઞાતિમાં **કેળવણીનો પ્રચાર** વધારે તેટલી જ્ઞાતિ આગળ વધેલી ગણી શકાય. ક્ષત્રિય અને **નાગરની** નાતોમાં કેળવણીનો બહોળો પ્રચાર થયેલો હોવાથી તે જ્ઞાતિઓ આચાર વિચારમાં ઘણે દરજ્જે આગળ વધેલી આપણે જોઇએ છીએ. કેળવણીથી થતા લાભો વિષે હાલના જમાનાને કાંઇ જણાવવાનું રહેતું નથી. દરેક જણ એતો સ્વીકારે છે કે કેળવણીથી બુદ્ધિનો વિકાસ થાય છે. માનસિક ખીલવણી થાય છે વિચારશક્તિ પ્રદિપ્ત થાય છે. જ્ઞાનની ઝળકદાર રોશની જ્યાં જ્યાં પ્રકાશ કરી રહે છે ત્યાં ત્યાં ઉદાર **ભાવનાઓ અને પવિત્ર ચારિત્રની** ખીલવણી થઇ શકે છે. કેળવણીથી જ્ઞાતિનો ઉદય થયેલો આપણે કેટલીક જ્ઞાતિમાં જોઇએ છીએ અને કેટલીક નાતોમાં તો પરણવા માટેનું પ્રમાણપત્ર લેખાય છે. કેળવણીથી સ્વહિત અને પરહિતની વાતો સમજી શકાય છે અને તેથી **નિ:સ્વાર્થ પરોપકારી** કાર્યો કરવામાં **જીવનની સાફલ્યતા** ગણાય છે. પશ્ચિમના દેશોમાં **કેળવણીને લીધે** ઘણી મોટી હેરત પમાડે તેવી **શોધો** થઇ છે, અને એથી લોકોને મોજશોખ અને એશ-આરામના સાધનો વધી પડયા છે. **સગવડ અને સુઘડતામાં** આશ્ચર્યજનક વધારો થયો છે. કેળવણી ઘણા પ્રકારની છે અને કઇ કેળવણીથી ખાસ કરીને જ્ઞાતિ ઉદય થઇ શકે તે આપણે હવે તપાસીશું.

**કયા પ્રકારની કેળવણી ઉત્તમ?**

કેળવણીના ફાયદાઓ વિષે જેમ મતભેદ દિવસે દિવસે ઓછો થતો જાય છે તેમ તેમ કેળવણીના પ્રકાર માટે મતભેદ વધતો જાય છે. હાલ આપણને મળતી **આંગ્લકેળવણીથી** આપણે **દંભી** અને **વધુ ખર્ચાળ** બન્યા છીએ અને આપણી જરૂરીયાતોમાં ઘણો વધારો થયો છે અને તે કેળવણી પ્રાપ્ત કરવામાં પડતી મુશ્કેલીઓને લીધે આપણું **શારીરિક બળ** કમી થયું છે. તે ઘણી મોંઘી અને કઠીન થતી જાય છે. આ કારણસર આપણી કેળવણીની પદ્ધતિમાં ઘણો મોટો ફેરફાર કરવા આપણા આગેવાનો પ્રયાસ કરે છે. પ્રજાકીય કેળવણીમાં **માતૃભાષાને** અગત્યનું સ્થાન આપવાની ગોઠવણ થાય છે. કેળવણીના સંબંધમાં જ્ઞાતિ કાંઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ કરી શકે તેમ નથી. તે તો ફક્ત મુખ્ય આગેવાનોની સૂચના અને પદ્ધતિ પ્રમાણે અને સરકારી કેળવણીની પદ્ધતિ અનુસાર કાંઇ કરી શકે. લડાઇને લીધે ઘણા દેશોમાં કેળવણી સંબંધી વિચારો બદલાયા છે. મુંબાઈ યુનીવરસીટીના ચેન્સેલર નામદાર **લોર્ડ વીલીંગ્ડન** સાહેબે સને ૧૯૧૫ માં તેમના ભાષણમાં જણાવ્યું હતું કે: "મિલ્ટનના ઉમદા શબ્દોમાં જે કેળવણી, એ કારણસર, મનુષ્યને સુલેહના અને યુદ્ધના તેના બધા **ખાનગી અને જાહેર** બંને કાર્યો, વાજબીપણે **કુનેહ અને ઉમરાવ દીલથી** અદા કરવાને યોગ્ય બનાવે છે તેને હું **સંપૂર્ણ અને ઉદાર કેળવણી** કહું છું." જે કેળવણીમાં મનુષ્યની અને નાગરિકની બધી ફરજો અને જવાબદારીઓ અદા કરવાને મનુષ્યને લાયક બનાવવાનું, તેના પોતાના અને ઇતર ફાયદા સારૂ તેની ઉત્તમ માનસિક શકિતઓ ખીલવવાનું અને કુદરત અને સમાજ જે સાધનો તેની સન્મુખ રજુ કરે તેનો તેની શકિત અનુસાર લાભ લેવાનું ન યોજાતું હોય તે કેળવણીના નામને લાયક નથી."

કેળવણી ઉપર બતાવી તે સામાન્ય પ્રકારની છે અને તેથીજ ઘણી વાર કહેવામાં આવે છે કે ભણ્યા પણ ગણ્યા નહીં. ભણેલા કરતાં ગણેલો ઘણીવાર ચડી જાય છે. આપણને વ્યવહારિક કેળવણીની જરૂરિયાત હવે વિશેષ કરીને દેખાય છે. **યુનીવરસીટીમાંથી** નીકળતા એકજ પ્રકારના વિદ્યાર્થીઓ તેમના ભાવિ જીવનમાં ઘણીવાર ફાંફાં મારે છે, માટે જુદા જુદા **ઔદ્યોગિક વિષયોનું** જ્ઞાન અને શિક્ષણ આપનારી કેળવણી દાખલ કરવી જોઇએ-તે બાજુ આપણા લોકોએ ઢળવું જોઇએ. આ વિષયને જ્ઞાતિ સાથે ઓછું લાગતું વળગતું હોવાને લીધે બહુ વિસ્તારથી ચર્ચો નથી, કારણ કે તેની પદ્ધતિમાં જ્ઞાતિની સત્તા બીલકુલ નથી અગરતો નહીં જેવી છે. પણ જ્ઞાતિ એટલું તો કરી શકે કે ઔદ્યોગિક અને વ્યવહારિક કેળવણીના જુદા જુદા પ્રકાર સંબંધીની યોગ્ય સૂચનાઓ અને ખબર આપી શકે.

**જ્ઞાતિ મારફતે કેળવણીનોપ્રચાર.**

કેટલીક નાતોએ જ્ઞાતિના વિદ્યાર્થીઓને કેળવણી આપવાના સ્તુત્ય પ્રયાસ કર્યા છે અને તેને માટે ફંડ એકઠું કરી તેના વ્યાજમાંથી તેમને નિશાળમાં ચાલતી ચોપડીઓ, ફ્રી અને સ્કોલરશીપના રૂપમાં મદદ કરવામાં આવે છે, એથી સાધનના અભાવે અટકી પડતા વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ જારી રાખવાને સહાય મળે છે અને કેળવણીનો પ્રચાર પણ બ્હોળા પાયાપર થાય છે. વેપાર ઉદ્યોગની કેળવણીમાં હજુ સુધી કોઈ નાતે ખાસ ગોઠવણ કરી મદદ કર્યાનું જાણમાં નથી અને તેનું કારણ એ છે કે તેમાં મોટા ભંડોળની જરૂર છે. જ્ઞાતિ ફંડમાંથી અમુક સરતે જો 'લોન' આપી નાણાં ધીરવામાં આવે તો પરદેશ જઇ જરૂરી કેળવણી પ્રાપ્ત કરવાને શકિતમાન થઇ શકે. વળી દર વર્ષે પરીક્ષામાં ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓની તેમની લાયકાત પ્રમાણે ઇનામો આપવાથી પણ તેમને ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તેજન મળે છે. એક-બે નાતોમાં તો **કન્યા કેળવણી સારૂ ગાડીની** ગોઠવણ પણ કરવામાં આવી છે જેથી દૂરની નિશાળોમાં પણ હાજરી આપી શકાય. કેટલીક નાતો પોતાના તરફથી **માસિક કે ત્રૈમાસિક** કાઢી અને જુદા જુદા વિષયો ઉપર નાના **નિબંધો લખાવી** કેળવણીનો ફેલાવો કરે છે.

**જ્ઞાતિનું કેળવણી ફંડ** વધારવા સારૂ **લગ્ન** અને એવા બીજા **શુભ પ્રસંગો** ઉપર **ખાસ કર** લેવામાં આવે છે અને પૈસાદાર સદ્ગૃહસ્થો તરફથી **મોટી સખાવતો** જાહેર થાય છે. કેળવણીના કાર્યોમાં આ રીતે જ્ઞાતિ ઘણી ઉપયોગી મદદ કરી શકે છે. પરંતુ કેટલીક નાતોમાં કોઇપણ પદ્ધતિસર ગોઠવણ હોતી નથી. એટલે કેળવણીના હિતને ઘણી હાનિ પહોંચે છે. **વ્યવસ્થાસર ટ્રસ્ટ** અને **વ્યાજબી વહીવટને** અભાવે કેટલીક નાતોમાં ફંડ બહુ ધીમે ધીમે આગળ વધે છે. આવા ફંડોને આધુનિક પદ્ધતિસર મુકવામાં આવતા નહી હોવાથી નાણાં આપનારનો નહીં જેવો અવાજ તેના વહીવટની બાબતમાં ધ્યાનમાં લેવામાં આવે છે અને તેથી તે **અસંતુષ્ટ** થાય એ સ્વાભાવિક છે. આવા ફંડોના મુખ્ય આશયો અને ઉદ્દેશો હાલની સામાજીક સ્થિતિને બરોબર બંધબેસ્તા હોવા જોઇએ એટલુંજ નહીં પણ તેમાં જરૂરી ફેરફાર થઇ શકે તેવું વલણ હોવું જોઇએ. આ પ્રકારની રીતનો ઉપયોગ કરવાથી જ્ઞાતિ ફંડ મોટું થઇ શકશે અને કેળવણીનો બ્હોળો ફેલાવો કરી શકાશે.

**ધાર્મિક અને નૈતિક કેળવણી.**

દિવસાનુદિવસ **ધાર્મિક અને નૈતિક શિક્ષણ** ઘણું ઓછું લેવાતું હોય એમ લાગે છે. નિશાળોમાં તે વિષે કંઇ પણ કેળવણી આપવાનું બની શકતું નથી. આને માટે **ખાનગી પાઠશાળાઓ** અને વિદ્યાશાળાઓ આપણે ઠેર ઠેર જોઇએ છીએ જેમાં કલાક દોઢ કલાક ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. જે રીતે તે શિક્ષણ ઘણે ભાગે અપાય છે તેથી ધર્મનો **વાસ્તવિક બોધ થતો નથી;** પણ **પોપટીયા જ્ઞાનની** માફક અમુક ગાથાઓ કે શ્લોકો સમજ્યા વિના મોઢે ચટપટ બોલી જાય છે. આથી **ધર્મભાવના ખીલતી નથી** અને ધર્મપરની રૂચિમાં નહીં જેવો ફેરફાર થાય છે. માટે તેવા શિક્ષણની સાથે ધર્મના **મુખ્ય સિદ્ધાન્તોનું પ્રરૂપણ** કરી તેમને સર્વ પ્રકારની દલીલોથી મુખ્ય સૂત્રો સમજાવવાં જોઇએ. ધર્મ ઉપર નીતિનો મોટો આધાર છે. આપણું નૈતિક જીવન ઘણે અંશે ધર્મ ઉપર અવલંબીને રહ્યું છે. માટે ધાર્મિક શિક્ષણ સાથે **નૈતિક શિક્ષણ** મળવું જોઇએ જેથી મનુષ્યો ઉંચા પ્રકારનું ચારિત્ર્ય ખીલવવા પ્રયત્ન કરે અને સદ્ગુણો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે. **ધર્મ શિક્ષણમાં સ્વતંત્ર વિચારને સ્થાન** આપવું જોઇએ જેથી ધર્મચર્ચા સારી રીતે થઇ શકે. લગભગ છ સાત વર્ષથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશાળોમાં નૈતિક શિક્ષણ આપવાની થોડી ઘણી ગોઠવણ થઇ છે, પણ આવાં ખાસ શિક્ષણ કરતાં ચરિત્રો વધુ અસર કરે છે તેથી તેનું વાંચન ઘણી શાળાઓમાં થવા લાગ્યું છે. આ રીતે ધર્મ અને નીતિ સંબંધે જુદા જુદા વિચારો દર્શાવવાથી ધર્મ અને નીતિ ઉપર દઢ શ્રદ્ધા બેસે છે અને તેથી ધર્મ અને નીતિ સારી રીતે જાળવી શકાય છે અને પછી જે ક્રિયાઓ થાય છે તે બરોબર સમજીને થતી હોવાથી ઘણી લાભદાયી નિવડે છે ખરૂં છે કે—**ज्ञानक्रियाभ्याम् मोक्षः** ।।

આ બાબતમાં જ્ઞાતિ પણ કોઇ રસ્તે હિસ્સો આપી શકે તેમ છે. અને તેવું કેટલીક જ્ઞાતિઓમાં થવા લાગ્યું છે. અમુક વિષયોના પુસ્તકો નક્કી કરી તેની પરીક્ષા લઇ ઇનામો અને સ્કોલરશીપો આપવાની ગોઠવણ કરવામાં આવે છે. તે વિષેના પુસ્તકો લાયબ્રેરીમાં રાખી તેનું વાંચન કરાવવામાં આવે છે. **ભાષણો દ્વારા** પણ કેટલુંક જ્ઞાન આપવામાં આવે છે. આ રીતે જ્ઞાતિ પણ ધાર્મિક અને નૈતિક શિક્ષણને ઉત્તેજન આપી શકે એમ છે.

**શારીરિક કૌવત.**

સુખ સગવડનાં સાધનો વધવાથી અને **મોટાઇના ખોટા ખ્યાલોથી** આપણી **તંદુરસ્તી ઘણી નબળી પડી** ગઇ છે. અને વખતો વખત અવનવા **વ્યાધિથી** પીડાવું પડે અને વૈદ્ય દાકતરોના મોટાં બીલો ભરવાં પડે છે. પહેલાના વખતમાં તો **ગૃહકાર્યો કરવાથી** આપણને **જોઇતી કસરત** મળતી હતી. હાલ તે નહીં જેવી મળે છે એટલે આપણી તબિયતને ઘણો ધક્કો પહોંચે છે. આ બીના ખાસ કરીને શહેરીઓને લાગુ પડે છે. આ બાબત દરેક જ્ઞાતિએ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. દરેક જ્ઞાતિ અગર બે પાંચ જ્ઞાતિ એકઠી મળીને **કસરતશાળા** કાઢે અને તેમાં જ્ઞાતિના છોકરાઓને **શારીરિક કેળવણી** આપે તો તેઓ વધુ **આરોગ્યવાન** બની બળવાન થશે. **શ્રી ઓસવાળ કલબે કસરતશાળા ખોલી છે અને તેમાં દરેક પ્રકારનાં કસરત કરવાનાં સાધનો પૂરાં પાડયાં છે** એટલું જ નહીં પણ તે સાથે કસરત કર્યા પછી **દુધ પાવાની** ગોઠવણ કરી છે. **આધુનિક ઢબે કસરત** કરાવવામાં આવે છે એટલું જ નહિ પણ **હરીફાઇ કરાવી ઇનામો** વગેરે આપવાની ગોઠવણ કરવામાં આવી છે. તે ઉપરાંત કસરત કરનાર છોકરાઓનું **રજીસ્ટર** રાખવામાં આવ્યું છે, જેમાં તેમનું **વજન, ઉંચાઇ, છાતીની પહોળાઇ** વગેરે દરેકની નોંધ લેવામાં આવે છે અને તેમાં કેટલો વધારો થાય છે એ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ પ્રકારે આપણું **શારીરિક કૌવત ઘણું વધારી શકીશું** અને તેમાં જ્ઞાતિ ઘણી સારી મદદ આપી શકશે; કારણ કે દરેકે દરેક કાર્યમાં શારીરિક **તંદુરસ્તી પ્રથમ સ્થાન** ભોગવે છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખરા પંડિત કેવા હોય?

લે૦ સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

૧ જેઓ સંસારના વાસથી વિરકત હોય છે અને મોક્ષનું સુખ મેળવવામાં જ ઉત્સુક હોય છે તેઓને જ સત્પુરૂષો ખરા પંડિત કહે છે, તે સિવાયના પંડિત નામધારીઓ તો પંડિત શબ્દના અર્થને ઉલટા વગોવનારા છે.

૨ શુભ મનોભાવવાળા જેઓ સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ (સમાન દ્રષ્ટિ) રાખે છે અને જેમણે સર્વથા પ્રકારે મમતાનો ત્યાગ કરેલો છે તેઓજ મોક્ષપુરીમાં જઇ શકે છે.

ઇતિશમ્.

## ખરા શૂરવીરનું લક્ષણ.

૧ ઇન્દ્રિયોનો જય કરવામાં જે શૂરવીર હોય અને કર્મનો બંધ કરવામાં કાયર હોય, જેણે તત્ત્વાર્થની વિચારણામાં મનને સ્થાપન કર્યું હોય, જે પોતાના શરીર ઉપર પણ નિઃસ્પૃહ હોય, જે પરીસહોના સૈન્યનું દલન કરવામાં સમર્થ હોય અને કષાયોનો વિજય કરવામાં શૂરવીર હોય તેજ પરમાર્થથી શૂરવીર કહેવાય છે. ૨ જેઓ સંસાર ઉચ્છેદક ચારિત્રનું સદા પાલન કરે છે તેવા સંયમી જનો જ રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષ પદને પામે છે. ૩ જેઓ નિર્મળ ભાવે બ્રહ્મચર્યનું પાલન કરવામાં તત્પર રહે છે તે ધીર પુરૂષો જ ખરૂં આત્મ-તત્વ ઉપાસી શકે છે. ૪ તેવા ધીર વીર પુરૂષો પ્રમાદ રહિત બની આત્મહિત સાધે છે. ૫. જે ભવભીરૂ જનો સર્વ સંગ તજી તુચ્છ વિષય-સુખથી વિરામ પામ્યા હોય છે તેઓનું જ જીવિત પ્રશંસાપાત્ર છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

# जैनो अने केळवणी.

લેખક—નરોત્તમ બી શાહ.

હાલના જમાનામાં જ્યારે હિન્દમાં વસતી જુદી જુદી કોમો દેશની પ્રગતિ સાથેજ પોતાની કોમી ઉન્નતિ કરવા માટે પગલાં ભરવા મથી રહી છે, ત્યારે જેમ જેમ પ્રતિ વર્ષ કેળવણીના પ્રચારાર્થે આપણી જૈન કોમ કેટલી આગળ વધી છે, અને કોમના આગેવાનોએ કઇ દિશામાં ભવિષ્યમાં વધુ પ્રયાસો કરવાની આવશ્યકતા છે, તે સંબંધી હકીકત કોમ સમક્ષ રજુ કરવાના ઇરાદાથી કેળવણીના ક્ષેત્રમાં પ્રગતિના અર્થે ગમે તેવા પ્રયાસો થતા હોય છતાં, કેળવણીમાં આગળ વધીએ છીએ કે જેમ જેમ વર્ષો જતાં જાય છે તેમ તેમ પાછા હઠતા જઇએ છીએ, તે હકીકત કોમની દાઝ ધરાવનારાઓના ધ્યાનમાં લાવવા સારૂ એક વધુ પ્રયાસ આ લેખ માર્ફતે કરવામાં આવ્યો છે.

## હિન્દુસ્તાનના જે જે ઇલાકાઓમાં કેળવણીનો પ્રચાર જૈનોમાં છે તેની વસ્તી તેમજ તેમાં શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા—

શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા.

| | જૈન વસ્તી. | સને ૧૯૨૫ | સને ૧૯૨૬ | સને ૧૯૨૭ |
|---|---|---|---|---|
| (૧) મુંબઇ:— | ૨,૧૪,૭૦૯ | ૨૨,૨૭૮ | ૨૨,૪૮૫ | ૨૪,૦૮૦ |
| (૨) પંજાબ:— | ૩૪,૪૩૨ | ૩,૧૮૬ | ૨ ૮૪૯ | ૩,૫૬૦ |
| (૩) સેન્ટ્રલ પ્રોવીન્સ અને બીરાર | ૬૮,૨૮૬ | ૫,૮૭૪ | ૫,૫૨૬ | ૬,૪૩૬ |
| (૪) બીહાર અને ઓરીસા. | ૪,૩૧૧ | ૨૨૦ | ૨૮૪ | ૨૬૮ |
| (૫) આસામ:— | ૩,૩૯૭ | ૩૩ | ૪૪ | ૨૦૯ |

ઉપર પ્રમાણે જૈન વસ્તી સાથે સરખામણી કરતાં શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓના આંકડાઓ જેમાં જૈન પુરૂષો તેમજ સ્ત્રીઓનો સમાવેશ થાય છે તે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરકારના કેળવણી ખાતા તરફથી પુરા પાડવામાં આવ્યા છે. આ હકીકત અધુરી હોવાથી સ્ત્રી વર્ગ તેમજ પુરૂષ વર્ગના પ્રાથમીક માધ્યમીક તેમજ ઉચી કેળવણી-ના જુદા જુદા આંકડાઓ સરકારી રીપોર્ટ માર્ફતે મળી શકતા ન હોવાથી ઉપર દર્શાપેલ આંકડાઓ ઉપરથી પણ માલમ પડે છે કે ૯૦ ટકા જેટલો પણ જૈનોનો વસ્તીનો વર્ગ કેળવણીથી બેનસીબ રહે છે. જે કોમમાં ૧૦ ટકા જેટલાજ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ સરકારી રીપોર્ટ ઉપરથી સાબીત થતા હોય તેવે વખતે કોમની ઉન્નતિની મોટી મોટી વાતો કરવી તે નિરર્થક છે.

## મુંબઇ ઇલાકાના ઉત્તર વિભાગ (જેમાં અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત વગેરે જીલ્લાઓનો સમાવેશ થાય છે) જેની જૈન વસ્તીના તેમજ પ્રાથિમક—

## માધ્યમીક અને કોલેજમાં શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યાઃ—

ઉત્તર વિભાગની વસ્તી કુલ્લે ૫૭૦૯૮ જૈનોની છે. તેના પ્રમાણમાં છેલ્લા ત્રણ વર્ષોના કેળવણીને લગતા આંકડાઓ નીચે મુજબ છેઃ—

| સાલઃ— | પ્રાથમિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા. | માધ્યમિક શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા. | કોલેજમાં શિક્ષણ લેતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૨૫–૨૬ | ૪,૫૩૭ | ૧,૫૩૦ | ૬૨ |
| ૧૯૨૬–૨૭ | ૪,૮૭૮ | ૧,૯૧૬ | ૮૦ |
| ૧૯૨૭–૨૮ | ૪,૯૦૫ | ૧,૯૮૬ | ૧૧૩ |

મુંબઇ ઇલાકાના કેળવણીની પ્રગતીમાં આગળ પડતા પ્રાંતો કે જે ઠેકાણે જૈનોની વસ્તીનો મોટો ભાગ વસી રહેલ છે તેની અંદર પ્રાથમીક શિક્ષણમાં જ ફકત ૮ ટકા જેટલાજ જૈન વિદ્યાર્થીઓ શીક્ષણ લે છે એટલે કે જૈન પ્રજાની વસ્તીના લગભગ ૯૨ ટકા જેટલા અભણ, સરકારી રીપોર્ટ સાબીત કરતા હોય તો જૈનોને આ બાબતમાં પ્રગતી કરવા સિવાય વધારે ઉત્તમ સામાજીક સેવાનું કયું કાર્ય હોઇ શકે તે વિચારવા જેવો પ્રશ્ન છે, આવી સ્થીતિમાં જો એમ કહેવામાં આવે કે " પેટમાં ભૂખમરો તેમજ કેળવણીમાં પણ ભુખમરો જ છે " તો શું ખોટું !

ઉપર દર્શાવેલ ઉત્તર વિભાગમાં જૈન પુરૂષોની કેળવણી સંબંધ ઉપર મૂજબ શોચનીય સ્થીતિ હોયતો સ્ત્રી વર્ગની કેળવણી સંબંધી પ્રગતી વધારે ખેદ ઉપજાવે તેમાં નવાઇ શી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન સ્ત્રીઓની શિક્ષણુ સંબંધી સ્થિતિ.

| સાલ | પ્રાથમિક શિક્ષણુ. | માધ્યમિક શિક્ષણુ. |
|---|---|---|
| ૧૯૨૫ | ૨,૯૧૦ | ૭૨ |
| ૧૯૨૬ | ૩,૯૭૧ | ૫૦ |
| ૧૯૨૭ | ૭,૩૬૮ | ૧૩૨ |

અત્યારે આપણી કોમ સુધારામાં આગળ વધતી જાય છે અને ભવિષ્યમાં પ્રજાના ભાવિ ઉદયમાટે અનેક જાતંન આકાંક્ષાઓ રાખવામાં આવે છે પરંતુ શરૂઆતની જીંદગીમાં કમાવાની શકિત ઉત્પન્ન થઇ શકે તેવા પ્રકારની જીંદગીનો શરૂઆત તરીકેના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાંજ ઉપર દર્શાવેલ આંકડાઓ તરફ નજર કરવાથી જ્યારે જૈન કોમ શિક્ષણુ પદ્ધતિમાં દુ:ખદાયક રીતે હીન પ્રતિહીન પછાત પડતી જતી હોય તે વખતે ખાત્રી થવી જોઇએ કે પ્રજાની ઉન્નતી અર્થે જે કાંઇ પ્રયાસો થાય છે તે એટલા બધા અધુરા છે કે આપણને આપણી વર્તમાન દશાનો અભ્યાસજ બીલકુલ નથી એમ કહેવામાં જરાએ અતિશયોકિતપણું લાગતુ નથી તેટલાજ માટે કોમમાં સુધારકો તરીકે બહાર પડનારીઓએ ખાસ આવી જાતનો અનુભવ મેળવવાની જરૂરીઆત છે કે જેથી કરી સેવા ભાવથી થતા પ્રયત્નો નિર્થક જવા ઉપરાંત અવળી ગતિ કરતા અટકી પડે અને અમુક પ્રણાલિકા બદ્ધ નિયમો કે વ્યવસ્થાને સાચવવાને ખાતરજ જે કાંઇ સેવા ભાવ વેડફાઇ જતો હોય તે અટકાવી શકાય. કોમના વ્યવહારિક, સંસ્કારીક તેમજ શિક્ષણુ પદ્ધતિના સંબંધમાં અત્યારે કયા કયા પ્રશ્નો સળગતા છે; અને કયે ઠેકાણે સુધારાઓ થઇ શકે તેમ છે તે જો દરેક કેળવાયેલ સમજે અને તેને માટે વાદ વિવાદ કે વિચાર કરી નિર્ણય તારવી કાઢવા સામર્થ્યવાન બને તો યુવકો જેઓ આ જે આખી માનવ જાતના હિતાર્થે નવું બળ તૈયાર કરી રહેલ છે તેમજ જૈન કોમમાં પણ બની શકે.

આજનો કેળવાએલ યુવાન આદર્શ કે પ્રગતિના કોઇ પણ સિદ્ધાંતને ખાતર જીવન સમર્પિ દેતો જરૂર પોતાની જીંદગીના સાર્થક રૂપે એક વસ્તુ કોમને આપતો જાય તે નિ:શંક વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ.

( ગતાંક પૃષ્ઠ ૯૧ થી શરૂ. )

કહેવામાં આવે છે કે જાવડશાહે આવી રીતે ફલહી છ મહિને ચડાવી હતી. હવે બિંબને તૈયાર કરવાનું કાર્ય શરૂ કરાવવામાં આવ્યું. અને કારીગરોને ભોજન-શયનાદિકનો ઉત્તમ પ્રકારે સત્કાર કરવામાં આવ્યો. બાલચંદ્ર મુનિની સુચના પ્રમાણે પ્રતિમા તૈયાર થતાં મુખ્ય સ્થાનમાં લાવ્યા. જો કે દુર્જનોએ કંઇ દુર્જનતા કરી હતી, પરંતુ દેશલશાહના પુણ્યપ્રભાવથી, સાહણપાલની બુદ્ધિથી, અને સમરાશાહના સત્વથી દુર્જનો દુર્જનતા મૂકી કાર્ય કરનાર થયા હતા. બિંબને મૂળ સ્થાનમાં પધરાવી પાટણમાં દેશલશાહને સમાચાર આપ્યા, જેથી દેશલશાહે સમરાશાહને કહ્યું કે હવે ચતુર્વિધ સંઘ સાથે યાત્રાએ જઇ પ્રતિષ્ઠા કરીયે જેથી કૃતકૃત્ય થઇએ.

પછી પિતા પુત્ર બંને શ્રી સિદ્ધસૂરિજી પાસે ઉપાશ્રયે આવ્યા. વંદન કરી બોલ્યા કે આપ પૂજ્યના ઉપદેશરૂપી પાણીથી સિંચિત થયેલ અમારો આશારૂપી વૃક્ષ જે અંકુરિત થયો હતો, તે શ્રેષ્ઠ જલથી સિંચાતો હાલ ફલોન્મુખ થયો છે, તેને પ્રતિષ્ઠા કરવાના પ્રસાદરૂપ શ્રેષ્ઠ મનોરથથી સફળ કરો. વળી ભંગથી થયેલા મુખ્ય મંદિરના શિખરનો ઉદ્ધાર કલશ પર્યંત પરિપૂર્ણ કરાવેલ છે, તથા દેવની દક્ષીણ દિશામાં અષ્ટાપદના આકારવાળું ચોવીશ જિનેશ્વરોથી યુકત નવું ચૈત્ય પણ તૈયાર કરાવ્યું છે. બલાનક મંડપમાં રહેલા સિંહનો પણ ઉદ્ધાર કરાવ્યો છે. વળી આદિજીનના પાછળના ભાગમાં વિહરમાન તીર્થંકરોનું નવું ચૈત્ય કરાવ્યું છે. સ્થિરદેવના પુત્ર લુંઢકે ચાર દેવકુલિકા અને જૈત્ર અને કૃષ્ણનામે સંઘપતિએ જિન બિંબ સહિત આઠ શ્રેષ્ઠ દેહેરીઓ કરાવી છે. પેથડની કીર્તિલતાતુલ્ય સિદ્ધ કોટાકોટિ ચૈત્ય જે તુર્કલોકોએ પાડી નાંખ્યું હતું, તેનો હરિશ્ચંદ્રના પુત્ર સા કેસવે ઉદ્ધર્યું છે. તેમજ દેવકુલિકાના લેપ વગેરે બીજું નષ્ટ થયેલું હતું, તે સર્વ પુણ્યશાળીઓએ અમુક અમુક કરાવ્યું છે, જેથી તીર્થમાં સર્વ સ્થાનો પૂર્વની જેમ થઇ ગયા છે, જેથી કલશની, દંડની તેમજ બીજા સર્વ અર્હંતોની પ્રતિષ્ઠા હાલ કરાવવાની છે.

હવે દેશલે આચાર્યો, જ્યોતિષીઓ અને શ્રાવકો વગેરેને બોલાવી પ્રતિષ્ઠા મુહૂર્ત જોવરાવ્યું. નિર્ણય થતાં લગ્ન પત્રિકા મુખ્ય જોશી પાસે લખાવી તેનો સત્કાર કરી ઉત્સવ કર્યો. પ્રતિષ્ઠાનો સમય આવતાં દેશલે સર્વ દેશોમાં પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબીઓ, પુત્રો, પૌત્રો, અને મંત્રિઓ વગેરેને મોકલી સંઘને આમંત્રણ કર્યું, ત્યાર બાદ દેશલે યાત્રા યોગ્ય રથના જેવું નવીન દેવાલય તૈયાર કરાવ્યું, અને પૌષધશાળાએ જઇ આચાર્ય મહારાજ પાસે તેના ઉપર વાસક્ષેપ નંખાવ્યો.

હવે સર્વોતમ દિવસ, વાર, અને નક્ષત્રે દેવાલયનું પ્રસ્થાન કરવા દેશલશાહે વિચાર કર્યો. શુભ દિવસે પૌષધશાળામાં સર્વ સંઘ એકત્ર કર્યો. દેશલ વાસક્ષેપ નંખાવવા ગુરૂ સન્મુખ બેઠો, ગુરૂએ તેના કપાલમાં તિલક કર્યું અને તેના મસ્તકે વાસક્ષેપ નાંખ્યો અને પછી સમરસિંહને વાસક્ષેપ નાંખી " તું સંઘપતિમાં અગ્રણી થાય એમ આશિષ આપી."

પોષ શુદ ૭ ના દિવસે સંઘનો પ્રયાણ સમય હતો. તે વખતે ગૃહદેવાલયમાં રહેલી આદિનાથ પ્રભુની પ્રતિમા લઇ દેશલે દેવાલયના રથમાં સ્થાપી. અને તે રથને બે શ્વેત વૃષભ જોડયા, કે તરતજ એક સુવાસિની સ્ત્રી શ્રીફળ, અક્ષત ભરેલો થાલ હાથમાં લઇ સામી આવી. તેણે દેશલ તથા સમરાશાહને માથે અક્ષત નાખ્યાં. શ્રીફળ હાથમાં આપ્યું અને કપાલે કુંકુમના તીલકો કરી પુષ્પની માળાઓ કંઠે પહેરાવી આશિર્વાદ આપ્યા. હવે વાદિત્રોના શબ્દ સાથે રથ આગળ ચલાવતાં અનેક શુભ શુકનો થયા. પાટણમાં તો રંગ જામ્યો હતો. ભાગ્યેજ કોઇ ઘેર રહ્યું હશે.

દેશલ શાહ સુખાસનમાં બેસી દેવાલયની આગળ ચાલ્યો અને સમરસિંહ પણ અનેક સ્વારોની સાથે દેવાલયની પાછળ ચાલ્યો. પગલે પગલે પૂજાતું દેવાલય પ્રથમ શંખારિકાએ પહોચ્યું.

શંખારિકા ગામથી સંઘ સાથે પાટણ આવી પોષધશાળામાં જઇ સર્વ સૂરિમહારાજાઓને સમરાશાહે વંદન પૂર્વક સંઘ સાથે આવવા વિનંતિ કરી અને પ્રત્યેક ઘરે જઇ સર્વ શ્રાવકોને આદર પૂર્વક આવવા પ્રાર્થના કરી જેથી સર્વ જલદી આવ્યા.

સંઘમાં સર્વ સિદ્ધાંત પારગામી શ્રી વિનયચંદ્રસૂરિ, શ્રી બૃહદ્‌ગચ્છરૂપી આકાશમાં ચંદ્ર સમાન શ્રી રત્નાકરસૂરિ, ગૌરવયુકત અંતઃકરણવાળા શ્રી દેવસૂરિ ગચ્છના :શ્રી પદ્મચંદ્રસૂરિ, શ્રી સંડેર ગચ્છના શ્રી સુમતિસૂરિ, ભાવડા ગચ્છના આચાર્ય શ્રી વીરસૂરિ શ્રી થારાપદ્રગચ્છના શ્રી સર્વદેવસૂરિ, બ્રહ્માણ ગચ્છના શ્રી જગતસૂરિ, શ્રી નિવૃત્તિ ગચ્છના આમ્રદેવસૂરિ, શ્રી નાણક ગણરૂપી આકાશને વિભુષિત કરવામાં સૂર્ય સમાન શ્રી સિદ્ધસેન આચાર્ય, બૃહદ્ ગણના શ્રી ધર્મઘોષસૂરિ, નાગેન્દ્ર ગચ્છના શ્રી પ્રભાનંદસૂરિ, શ્રી હેમસૂરિ સંતાનીય પવિત્ર શ્રી વજ્રસેનસૂરિ અને અન્ય અન્ય ગચ્છના બીજા આચાર્યો સંઘપતિ દેશલ સાથે સંઘમાં આવવા તૈયાર થયા હતા. ચિત્રકૂટ, વાલાક, મરૂ, માલવ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશોમાં રહેલ પ્રાય: સર્વે મુનિઓ પધાર્યા હતા. શ્રી સિદ્ધસૂરિ સર્વદર્શની અને દેશલની સાથે ચાલ્યા હતા અને દેશલે તેમનો પ્રવેશોત્સવ કર્યો હતો. આ સંઘ સાથે અન્ય સંઘો સંઘપતિ જૈત્ર અને કૃષ્ણ, હરિપાલ, દેવપાલ, શ્રી વત્સકુળના સ્થિરદેવના પુત્ર લૂંઢક સાથે હતા. વળી સોની પ્રલ્હાદ, સત્યવચની ઉત્તમ શ્રાવક સોઢાક, ધર્મવીર વીરશ્રાવક, દાનેશ્વરી દેવરાજ વગેરે ગુર્જર-ભૂમિમાં જે કોઇ પણ શ્રાવકો હતા તેઓ સર્વ સંઘમાં સામેલ થયા હતા. તેઓ સર્વ આવ્યા પછી દેશલે સંઘનું પ્રયાણ આગળ કરાવ્યું. મંડપમાં સ્તંભની પેઠે મુખ્ય તરિકે જૈત્ર, કૃષ્ણ, લૂંઢક અને હરિપાલ એ ચાર હતા. સુબા અલ્પ-ખાનની પાસે ભેટણું લઇ સમરાશાહ દરબારમાં ગયા. ખાનની પાસે ભેટણું મુકર્યું, ખાને સંતુષ્ટ થઇ ઘોડા સાથે તસરીફ આપી અને સમરાશાહે ખાનની પાસે સંઘના રક્ષણ માટે જણાવતાં ખાંને દશ મહામીરો સંઘરક્ષા માટે આપ્યા અને હવે સમરાશાહ સંઘનાયક પવિત્ર સંઘમાં મલ્યા. સંઘમાં વાદિત્રો સાથે પાલખીઓ, ઘોડેસ્વારો, ઉંટો, ગાડાઓ વગેરે હતા; તેમજ પાયદલનો તો પાર પામી શકાતો નહોતો. આગળ દેશલશાહ, પાછળ સોમસિંહ, સહજાનો પુત્ર સાંગણશાહ, લૂણિગજીનો પુત્ર સોમજીથી યુક્ત થઇ ચાલતો હતો. સમરસિંહ ચારે બાજુ ઘોડાને હાંકતા અને શ્રી સંઘની સર્વ પ્રકારની તપાસ લેતા હતા.

( ચાલુ )

# સંત–સમાગમ દુર્લભ છે.

૧ શત્રુ અને મિત્ર વિષે, માન અને અપમાન વિષે, લાભ અને અલાભ વિષે તથા માટીના ઢેફા અને સુવર્ણ વિષે જેની સમાન દ્રષ્ટિ હોય છે, સમ્યક્ત્વ-ભાવનાવડે જેના પરિણામ શુદ્ધ હોય છે, જે જ્ઞાન-અભ્યાસમાં સદા તત્પર હોય છે, જે ચારિત્રનું પાલન કરવામાં સદા સાવધાન હોય છે અને જેને અભિલાષા માત્ર એક મોક્ષસુખની જ હોય છે. એવા ઉત્તમ આદર્શ–સાધુનો સમાગમ પામી, જે તેનો લાભ લઇ ન જ શકે તે દુર્ભાગી મનુષ્યજન્મના ઉત્તમ કુળને સર્વથા હારી જાય છે.

૨ શીતળ સદા સંતસુરપાદપ ? અર્થાત્ ઉત્તમ કલ્પવૃક્ષ સમા સંતપુરૂષનો સુભાગ્યે સમાગમ પામી, તેનો ઉત્તમ લાભ લેવા ચૂકવું નહીં.

૩ તેવા અમૃત દૃષ્ટિવાળા કરૂણાળુ સંતપુરૂષો આપણામાં કંઇ તેવી યોગ્યતા દેખી આપણને યોગ્ય માર્ગ બતાવે છે, તે પ્રમાણે સુશ્રદ્ધાથી ચાલતાં આપણે સહેજે સુખી થઇ શકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ વિનય એ એક અજબ વશીકરણ છે એથી એવા સંતજનો પણ સુપ્રસન્ન થઇ જાય છે.

૫ વિનય વેરીને પણ વશ કરે છે તો તેવા ઉપકારી સંતનું શું કહેવું.

## સુપાત્ર–લક્ષણ.

૧ જેઓ મન વચન અને કાયાના સંયમ વડે ઉત્તમ ધ્યાન કરવામાં તત્પર હોય, સદાચારનું આચરણ કરનાર હોય, જ્ઞાનની સંપદાથી યુક્ત હોય, તથા સર્વ પ્રાણી વર્ગ ઉપર કરૂણાવંત હોય તે સુપાત્ર કહેવાય છે.

૨ તેમ જ જેઓ ધૈર્ય–ભાવનાવડે યુક્ત હોય, સત્ત્વ–ભાવના સહિત હોય અને તત્ત્વજ્ઞાનમાં જ ચિત્તને સ્થાપનારા હોય તેવા ઉત્તમ પુરૂષો જ દાતાર ને સુપાત્રરૂપ છે.

૩ સુપાત્રરૂપ મહાપુરૂષો ધૈર્યભાવના વડે દુઃખનો નાશ કરે છે. તત્ત્વભાવના વડે ભવ–ભ્રમણનો નાશ કરે છે અને જ્ઞાનભાવનાવડે કર્મનો નાશ કરે છે.

૪ જેઓ સમતાને વિષે જ આગ્રહી છે, કર્મ–શત્રુઓ સાથે જ જેઓ યુદ્ધ કરે છે અને વિષયસુખની ઇચ્છા પણ જેઓ રાખતા નથી તે ઉત્તમ યતિઓ જ સુપાત્ર છે.

૫ જેઓ સર્વ સંગ રહિત છતાં સદાચારના સંગવાળા છે. સર્વ વસ્તુઓ ઉપર સ્નેહરહિત છતાં શાસ્ત્ર ઉપર સ્નેહવાળા છે અને આભૂષણ રહિત છતાં તપ રૂપી આભૂષણથી ભૂષિત છે એવા યોગીજનો જ સદા સુપાત્ર છે.

૬ જે ઉદાર ચિત્તવાળા સદા સ્વશરીર ઉપર પણ મમતા રહિત છતા સર્વ જીવોનું હિત કરવામાં રક્ત છે તેવા સંયમીજનો જ સુપાત્ર છે. ઇતિશમ્.

સદ્ગુણાનુરાગી મુનિ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## પુસ્તકાલય–વિષે કંઇક

જે ત્રણ વહેવારૂ નિયમો મારે આપવાના છે તે આ છે;

૧ જેને એક વર્ષ થયું ન હોય તેવું કોઇ પુસ્તક કદિ ન વાંચતા.

૨ પ્રખ્યાત થયા સિવાયનું કોઇ પુસ્તક કદિ ન વાંચતા.

૩ તમને પસંદ હોય તે સિવાયનું કદિ ન વાંચતા.

રાલ્ફવાલ્ડો એમરસન.

## પુસ્તક વિનાનું ઘર.

આજનો સ્ત્રીવર્ગ સુંદરઘર, બાગબગીચા ને કપડાંના કબાટોમાં રાચે છે, આજનો પુરૂષવર્ગ મોટરો ને ગાડીઓની સાહ્યબીમાં મગરૂરી સમજે છે; પણ પુસ્તકોના ખજાનાની માલિકીમાં મગરૂરી માનનાર આજ કેટલાં છે? ઘરમાં વસેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવતરીકે, આનંદના ઝરણા તરીકે, થાકેલાંને આરામ ને પ્રેરણા આપનાર તરીકે, જીવનનાં કાર્યોમાં સહાય કરનાર તરીકે ગ્રંથોનું સ્થાન આપણા ઘરોમાં કેટલું છે ?

જેમને એની ખરી કિંમત સમજાઇ છે તે તો બીજી ઓછી જરૂરિયાતની ચીજો જતી કરીને પુસ્તકોજ ખરીદવાના. સૌ ચીજો કરતાં એનું સ્થાન શ્રેષ્ઠ છે, કેમકે આનંદ, પ્રેરણા ને કેળવણી આપવામાં પુસ્તકો હમેશાં અજોડ છે.

પુસ્તક વિનાનું ઘર તો એવું ગણાય કે જેની માલેકીથી શરમ ઉપજે.

---

ગ્રંથોનો સ્નેહ એ પ્રભુના રાજ્યમાં જવાનો પરવાનો છે.

ખરાબ ચોપડીઓનું વાંચન એ ઝેર પીવા સમાન છે.

મહેલોથી તથા અખુટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે.

લીલાવનમાં ભુખે મરનાર પશુમાં અને આટલે આટલે સાધને જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શો ફેર ?

સદ્‌ગ્રંથ વિનાનું ઘર જીવ વિનાના મુડદાની ઘોર જેવું છે.

જેના ભાગ્યમાં સારા ગ્રંથો વાંચવાના હોય તેના આગળ ચંચળલક્ષ્મીના શુષ્કવિનોદ શી ગણતરીમાં ?

પુસ્તકો એ મિત્રવિહોણાઓના મિત્રો છે, અને પુસ્તકાલય એ ગૃહવિહોણાઓનું ગૃહ છે. વાંચનનો શોખ તમને હંમેશ મળી શકે તેવો સારામાં સારી સંગતમાં લઇ જશે અને તમને જે માણસો એમના ડહાપણનો લાભ આપી શકે તથા એમના વિનોદથી આનંદ આપી શકે તેવા હશે તેમની સાથે વાતચીત કરવા શકિતમાન બનાવશે. G. S. Hillard.

સંગ્રાહક—ગાંધી.

## શ્રી ગુલાબકુમારી જૈન લાઇબ્રેરી કલકત્તા માટે મુનિમહારાજનો અભિપ્રાય.

આજે શ્રાવક કુલરત્ન શ્રીમાન્ બાબુ પુરણચંદજી નહારના સપ્રેમ આગ્રહથી અહિ આવવું થયું છે. જીનમંદિરનાં દર્શન કર્યા પછી તેમની સંપૂર્ણ લાયબ્રેરી જોઇ છે. બાબુજીએ સાથે પરિશ્રમ લેઇ દરેક વિભાગ બારીકાઇથી દેખાડયો છે.

જૈન સમાજની ઉન્નતિની આવશ્યકતા માટે જેવી જૈન લાયબ્રેરીની જરૂરીયાત મનાય છે, તેવી જરૂરીયાત પુરી પાડવા માટે આ લાયબ્રેરી ઘણે અંશે સફળ છે.

જૈન સમાજની અનેક લાયબ્રેરી છે, પણ તેમાં પ્રસ્તુત લાયબ્રેરી અજોડ છે.

બાબુજીનો સાહિત્યપ્રેમ અને ધર્મપ્રેમ અહિં બરાબર અનુભવાય છે. તેમણે લાગણી રાખી આ સંગ્રહ પોતાને હાથે કરેલ છે. સાથે સાથે જૈનલેખ સંગ્રહના ભાગ ૧-૨-૩ વગેરે જરૂરી ગ્રંથો આજ સંસ્થાદ્વારા બહાર પાડી લાયબ્રેરીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યસ્થિતિમાં એક આવશકય વધારો કરે છે. અત્યારે તૈયાર થતો લેખસંગ્રહનો ચોથો ભાગ જૈન ઇતિહાસમાં અનોખો પ્રકાશ આપશે. આવા પુસ્તકો પણ આજ લાયબ્રેરી યાને તેના અનન્ય આત્મા બાબુજીએ જૈન સમાજને સમર્પણ કરી જ્ઞાનભક્તિનો મોટો લાભ લીધો છે.

લાયબ્રેરીમાં મ્યુઝીયમની પદ્ધતિ પણ સર્વાંશે સ્વીકારી છે. સાથે સાથે જૈન મંદિર રાખી પોતાના જૈનત્વના અભિમાનને પણ તેટલો જ ન્યાય આપ્યો છે બાબુજી સ્વયં લક્ષ્મીસંપન્ન છે, વિદ્યાવિભુષીત છે. સાહિત્ય અને ધર્મના રસિક છે. એટલે પોતાના દરેક સામર્થ્યનો સદ્ઉપયોગ કરે છે.

જૈન તવંગરોએ શ્રીમાન બાબુજીનું અનુકરણ કરી સમાજની ઉન્નતિના કાર્યોમાં યથાયોગ્ય પોતાનો હિસ્સો જરૂર આપવો ઘટે ? જૈન સમાજને પણ આવી સંસ્થાઓના અભ્યુદયમાં સંપૂર્ણ સહાયક રહી પોતાની માની તેને અપનાવવી ઘટે.

કલકત્તા એ જૈન સમાજની એક અદ્વીતિય લાયબ્રેરી તથા કાચનું મંદિર એમ બે વસ્તુદ્વારા પોતાના જૈનત્વની મુંબાઇ સાથે હરીફાઇ કરી જૈનપુરી તરીકે જય મેળવ્યો છે. એમ કહીએ કે અતિશયોક્તિ નથી.

લાયબ્રેરી માટેનું સમસ્ત માન બાબુજી પુરણચંદજી નહારજીને ઘટે છે.

તા. ૧૧-૧૧-૧૯૩૦
૯૬ કેનીંગ સ્ટ્રીટ,
કલકત્તા.

Sd/. મુનિ દર્શનવીજયજી.
શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના સંસ્થાપક શ્રીમદ્
ચારીત્રવિજયજી ( કચ્છી ) ના શીષ્ય.

## પારેખ દુર્લભદાસ કલ્યાણજીનો સ્વર્ગવાસ

ભાઇ દુર્લભદાસ સુમારે પચાશ વર્ષની વયે લાંબા વખતની બિમારી ભોગવી માગશર શુદી ૨ ના રોજ અત્રે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓનું વતન મહુવા છતાં ધંધા અર્થે મુંબઈ ઘણા વર્ષોથી રહેતા હતા અને ઝવેરાતનો વેપાર કરતા હતા. શ્રીયુત્ દુર્લભભાઇ કેળવાયેલા હતા, તેટલું જ નહિં પણ લેખક હોવા સાથે તેઓ સ્પષ્ટ વક્તા હતા. ઘણા વખતથી સમાજના કાર્યમાં ભાગ લેતા અટકયા હતા. તેઓ સ્વભાવે મિલનસાર, નિડર કોઇ પણ વિષય પરત્વે તેઓ સ્વતંત્રપણે સચોટ હૃદયમાં હોય તેવું કહી નાંખતા હતા. આ સભાના ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવવા સાથે ઘણા વર્ષોથી સભાસદ હતા, સાથે એક સલાહકાર પણ હતા. તેઓના સ્વર્ગવાસથી સભાને એક કેળવાયેલ સભાસદની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


રાષ્ટ્રીય પ્રવૃત્તિના મહાન ઉત્સવના લાભાર્થે

# ઘટાડેલા ભાવો.

નીચેનાં જૈન પુસ્તકો જેની દરેકની એક ઉપરાંત ઘણી આવૃતિઓ થયેલ છે તેજ તેના ઉપયોગીપણાની સાબીતિ છે, જેની દશ દશ હજાર નકલો ખપી ગઇ છે તેજ તેનો પુરાવો છે તો ભુલાશો તો રહી જશો.

| | મૂળ કીંમત | ઘટાડેલા ભાવ |
|---|---|---|
| જૈન સજઝાયમાળા ભાગ ૧-૨-૩-૪ ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| કર્મ પરીક્ષા ને દૈવી ચક્રનો ચમત્કાર ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| તિર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃતિ ૨ જી ... ... | ૨-૮-૦ | ૨-૦-૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃતિ ૩ જી ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના ... ... ... | ૨-૦-૦ | ૧-૮-૦ |
| જૈન કાવ્ય સંગ્રહ ભાગ ૭ મો ... ... ... | ૦-૮-૦ | ૦-૬-૦ |
| અમૂલ્ય શિક્ષા ... ... ... ... ... | ૦-૮-૦ | ૦-૪-૦ |
| જૈન સુબોધ ભકિતમાળા આવૃતિ બીજી ... ... | ૦-૫-૦ | ૦-૩-૦ |
| વૈરાગ્ય શતક ભાષાંતર ... ... ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| સૂયગડાંગ સૂત્રનું ભાષાંતર ભાગ ૧ લો ... ... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| નિત્ય નિયમની પોથી ... ... ... ... | ૦-૩-૦ | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાયનાં દરેક પુસ્તકો જૈન તેમજ જૈનેતર ઘણા જ કીફાયતથી મળશે. વધુ હકીકત સારૂ ટપાલથી લખો જુના અને જાણીતા જૈન બુકસેલર—

બાલાભાઇ છગનલાલ શાહ.
ઠે૦ કીકાભટ્ટની પોળ, મુ૦ અમદાવાદ.

---

# ધ્યાનમાં લેશો— સ્થાન બદલ્યું છે.

જૈન સસ્તી વાંચનમાળાની ઑફીસ ભાવનગરથી પાલીતાણા ફેરવવામાં આવેલ છે. જેથી તમામ પત્રવહેવાર પાલીતાણા કરશો.

આ વર્ષનાં અમારા ગ્રાહકોને મોકલવાનાં ચાર પુસ્તકોનું વી૦ પી૦ લવાજમના રૂા ૩) પોસ્ટ ખર્ચના ૦-૧૧-૦ મળી રૂા ૩-૧૧-૦ ના વી૦ પી૦ થી પોસ માસમાં મોકલાશે જે સ્વીકારી લેવા વિનંતી છે. ગ્રાહકોની સગવડ માટે દરેક સંસ્થાના જૈન ધર્મના પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહે છે. જેથી સાથે મંગાવનારને ખર્ચમાં ફાયદો થાય છે. વળી હાલમાં કેટલાંક પુસ્તકોની કિંમતમાં સારો ઘટાડો કરેલ છે. મંગાવી ખાત્રી કરશો.

લખો:—જૈન સસ્તી વાંચનમાળા.
પાલીતાણા-( કાઠીયાવાડ )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭ માર્ગશિર્ષ આત્મ સં. ૩૫. અંક ૫ મો.

## મુશ્કેલીઓ સહન કરો !

પોતાના આત્મામાં સ્થિરતા કરવા ઇચ્છનારા મનુષ્યોએ જે જે મુશ્કેલીઓ આવી પડે તે તે સમભાવે સહન કરવી જોઇએ. જે જે પરિષહો કે ઉપસર્ગો બીજાઓ તરફથી આવે તે સહન કરવાની ટેવ પાડવી જોઇએ. આ મુશ્કેલીઓ સહન ન કરી શકનારનું આત્મજ્ઞાન તેવા મુશ્કેલીના પ્રસંગો આવી પડતાં નાશ પામે છે. સુખમય સ્થિતિમાં રહીને જે જ્ઞાન ઉત્પન્ન કરેલું હોય છે તે દુઃખ આવી પડતાં ખસી જાય છે. વિક્ષેપો ઉત્પન્ન થવાથી તેની નિશ્ચળતા ટકી રહેતી નથી માટે શક્તિ અનુસારે સુખની માફક દુઃખદ પરીષહો સહન કરવાની ટેવ પાડવી, ઇચ્છાનુસાર જાણી જોઇને ક્ષુધા સહન કરવી, તૃષા સહન કરવી; ટાઢતાપ સહન કરવા, ઓછાં વસ્ત્રોથી ચલાવી લેવું, રૂપવાન સ્ત્રીઓ દેખી મનને ડગવા ન દેવું, કોઇ આક્રોશ કરે, તાડના, તર્જના કરે નિંદા કરે તે સમભાવે ક્ષમાપૂર્વક સહન કરવી, કોઇ પ્રશંસા કરે કોઇ સારો સત્કાર કરે કે કોઇ તિરસ્કાર કરે તો જરા પણ અભિમાન કે ગુસ્સો ન કરવો, રોગ આવે તે શાંતિથી સહન કરવો, ધારેલી કે જરૂરીયાતની વસ્તુ ન મળે તો તેના વિના ચલાવી લેવાની ટેવ પાડવી, રહેવા-સુવાની જમીન ખાડા ખડીયાવાળી હોય કે બહુ હવાવાળી ન હોય તોપણ તેનાથી ચલવી લેવાની ટેવ પાડવી, સારી બુદ્ધિ હોય તો તેનો અહંકાર ન કરવો અને જ્ઞાન ન આવડે તો શોક ન કરવો પણ તેને માટે પુરૂષાર્થ કરવો. આવી આવી બીજી પણ ઇષ્ટના અભાવવાળી કે અનિષ્ટના સંયોગવાળી સ્થિતિ આવી મળતાં સમભાવ રાખી આત્મજ્ઞાન બરાબર ટકાવી રાખવા પ્રયત્ન કરવો.

આચાર્ય શ્રી વિજયકેસરસૂરીશ્વરજી.

For Private And Personal Use Only